# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૭ * માર્ચ, ૨૦૨૩



ધર્મરત્ન ભગવતીમાતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

## ૯૧મો

## મંગલમય
## સમ્યક્ત્વજયંતી
## મહોત્સવ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો પંડિત હૈ તિનકૂં વૈરિયોં પર ભી ક્ષમા કરની. ક્ષમા સમાન ઔર તપ નાહીં. જે વિચક્ષણ પુરુષ હૈં વે ઐસી બુદ્ધિ ન ધરે કિ યહ દુષ્ટ બિગાડ કરે હૈં. યા જીવકા ઉપકાર અર બિગાડ કેવલ કર્માધીન હૈં, કર્મ હી સુખ-દુઃખકા કારણ હૈ ઐસા જાનકર જે વિચક્ષણ પુરુષ હૈ તે બાહ્ય સુખ-દુઃખકે નિમિત્તકારણ અન્ય પુરુષનિપર રાગદ્વેષભાવ ન ધરૈ. ૧૯૭૮. (શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું ૪૪૩)

● દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહિ હો સકતા તબ રક્ષણ યા શરણ કે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈ અત-એવ ઈનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્પુરુષોંકો ઉચિત હૈ. ૧૯૮૦. *(પં. આશાધર, અનગાર ધર્મામૃત, અધિ-૬, ગાથા-૬૦)*

● પ્રશ્ન :—રાત્રિ-દિવસ કિસકા ચિંતવન કરના ?

ઉત્તર :—સંસાર મિથ્યા મરીચિકાવત્ (મૃગજલવત્) અસત્ય હૈ, સદા જાગૃત-સ્વરૂપ પરમાત્મા સત્ય હૈ યે હી ચિંતવન કરના. ૧૯૮૧.

(શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, જ્ઞાનોક્ત પ્રમાણ, ભાગ-૧, પાનું-૧૫)

● કદી સદ્ગુરુના ઉપદેશ દ્વારા જિનશાસનના રહસ્યને તમે બરાબર નક્કી કર્યું હોય—નિશ્ચય કર્યો હોય—સમજ્યા હો—તો ''હું કરું છું'' તેવા અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરો અને ભગવતી ભવિતવ્યતાનો આશ્રય કરો. ૧૯૮૨.

(પં. આશાધરજી, અધ્યાત્મ-રહસ્ય, શ્લોક-૬૬)

● અતીત અનાગત વર્તમાન તીન કાલકે તીર્થંકર ચક્રવર્તી આદિક સર્વ ઉત્કૃષ્ટ ભૂમિકે મનુષ્યનિકા સુખ, અર તીન કાલકા ભોગભૂમિકા સુખ, અર ઈન્દ્ર, અહમિંદ્ર આદિ સમસ્ત દેવનિકા સુખ, ભૂત ભવિષ્ય અર વર્તમાનકાલકા સકલ એકત્ર કરિયે, અર તાહિ અનંતગુણા ફલાઈએ સો સિદ્ધનિકે એક સમયકે સુખતુલ્ય નાહી. ૧૯૮૩.

(શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું ૬૧૮)

● મમતારૂપી લકડી અનેક પ્રકારસે આત્મામેં ચિંતારૂપી અગ્નિ લગા દેતી હૈ. યહ ચિંતારૂપી અગ્નિ આત્મામેં અનંતકાલસે જલ રહી હૈ. ઈસે સમતારૂપ જલકે દ્વારા બુઝાયા જા સકતા હૈ. ૧૯૮૫. (પં. બુધજન-સત્સઈ, પદ-૫૪૭)




વર્ષ–૧૭
અંક–૭

વિ. સંવત
૨૦૭૯
March
A.D. 2023



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પ્રશમરસસાગરમાંથી વીણેલા

# સમ્યક્ત્વ–પથપ્રદર્શક વચનો

✻ સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી, ભેદજ્ઞાનની ધારા એમને એમ ટકાવી, હું એક ચૈતન્ય છું વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે. એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા કે જે કાયમ ટકનારો છે તેને ગ્રહણ કરવો. ૧.

✻ અનંતકાળ થયા પણ જીવ સુખ-સુખ ઝંખ્યા કરે છે. સુખની પાછળ મૂર્ખ ફરે છે તે સુખનું સાચું સ્વરૂપ સત્પુરુષમાં જ જાગે છે. જીવ જડમાંથી સુખ આવે છે એમ ઉંધું માની બેઠો છે, ભ્રાંતિમાં પડ્યો છે, પરંતુ તે સુખગુણ કે આનંદગુણ પોતાનો છે, પોતામાંથી પ્રાપ્ત થવાનો છે. અનંત આનંદમય કે સુખમય પોતે જ છે. ૨.

✻ સમ્યક્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી. ૩.

✻ ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે, છ ખંડ સાધવા જાય, તેમ આ ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, હવે તો અપ્રમત્તભાવે કેવળજ્ઞાન જ લે. ૪.

✻ મહાકિમતી મનુષ્યજીવનમાં કાંઈક પણ સાર્થકતા થાય તો પણ સારું છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ આત્મલાભ મેળવી શકાય છે. ૫.

✻ આત્માનુભવ જેવી વસ્તુ તો છે, પણ તેની કિંમત જેને સંસાર ખારો લાગે તેને થાય, સંસારમાં જેને ક્યાંય સુખ ન લાગે. તેને થાય હજુ આપણે તો સંસારને

વહાલો કરીને બેઠા છીએ અને આત્મિક સુખ જોઈએ છે તે ક્યાંથી મળે ? સંસાર સાચો છે ખોટો તેનો નિર્ણય કરીએ અને અન્તર્ગતથી એમ લાગે કે સંસારમાં એકાંત દુઃખ જ છે તો પછી સુખની શોધમાં જવાની તાલાવેલી જાગે. ૬.

* સમ્યગ્દર્શન થાય એટલે અવશ્ય તેને ચારિત્ર, વીતરાગદશા બધુ આવવાનું જ છે. સમ્યગ્દર્શને કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે, કેવળજ્ઞાન સાથે રમત ચાલુ કરી છે, તેમ શાસ્ત્રોમાં આવે છે. ૭.

* પહેલા આપણે વિચાર કરવો જોઈએ કે સંસારમાં સુખ છે કે દુઃખ ? સંસારમાં જેને સુખ લાગે તેને આત્મિક સુખ ઘણું દૂર છે. જેને સંસાર હળાહળ ઝેર જેવો લાગે તેને આત્માનુભવ નજીક છે. ૮.

* સમ્યક્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધુ નિઃસાર, ફોતરા સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે બહાર ઊભા છે. ૯.

* અહા ! સત્ય છે તે અડોલ પરિણતિ કે જ્યાં પરની અસર સૂક્ષ્મ પણ સર્વ પ્રકારે સહજ છૂટી એટલે સાક્ષીસ્વભાવ, વીતરાગ સ્વભાવ, અચિંત્ય તે અદ્ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને, તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે. કોઈ અદ્ભુતતામાં ખેલી રહ્યું છે. ૧૦.

* શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ કરી નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૧૧.

* સંસાર અસાર છે. સારભૂત આત્મપદાર્થ છે. સદ્ગુરુ અને સત્સંગના સાધનો આદરણીય છે. ૧૨.

* સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે, દૃષ્ટિ તો અંદર છે, ચારિત્રમાં અપૂર્ણતા છે, તે બહાર ઊભેલા દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૧૩.

* સમ્યગ્દૃષ્ટિને ગૃહસ્થાશ્રમમાં કાર્યો હોય તો પણ અંદરના કાર્યો અંદર જ્ઞાતાની ધારા ચાલુ જ છે જાણે લાગે કે આ વિભાવની પરિણતિ થઈ રહી છે તેનાથી છૂટી પરિણતિ ક્ષણે ક્ષણે ચાલ્યા જ કરે છે. કાંઈ અશરણ નથી જેણે આત્માનું શરણ લીધું છે તેને તો આત્મામાં જ સુખ-શાંતિ સ્વાનુભૂતિનું કાર્ય ચાલે છે. આત્માની

નિસંગતા વિશેષ પ્રગટ થાય તેવી વિશેષ પુરુષાર્થની દોરી ચાલ્યા જ કરે છે. ૧૪.

* સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે આગળ જતાં સમ્યગ્દર્શન કોનો આશ્રય લે છે તે જ્યાં તેને ખ્યાલમાં આવે છે ત્યાં સાથે પૂર્ણતા અને અંશનું સ્વરૂપ બધું જ્ઞાનમાં આવ્યા વગર રહેતું નથી. ૧૫.

* પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદન પરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપ સ્થિરતા તે સમાધિરૂપ છે. ૧૬.

* જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્ય સામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે. ૧૭.

* સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ રાગાદિ કચરો કાઢતા ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે, પરંતુ બંને વહેલા મોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. ૧૮.

* સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધા જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે. અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૧૯.

* સ્વાનુભૂતિના કાળે ભેદનું લક્ષ છૂટીને આત્માના દરેક પ્રદેશે આનંદ પ્રગટે છે તે આનંદ સિદ્ધ ભગવાનને પૂર્ણ પ્રગટ થયો છે. સમ્યગ્દૃષ્ટિને થોડો વેદાય છે પણ જાત સિદ્ધ ભગવાન જેવી જ છે. ૨૦.

* સમ્યગ્દૃષ્ટિમાં જ્ઞાનની ગંભીરતા છે. એક એક ગુણ ગણી ગણીને જુદો પાડીને તે જોઈ શકતો નથી, પરંતુ તેની મહિમા આવી જાય છે. એક-એક ગુણ જુદો-જુદો કેવળજ્ઞાની જાણે છે, અનુભૂતિની અંદર બધી ગંભીરતા તેને આવી જાય છે. ૨૧.

* આત્મા જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે, અનુપમ છે. તે આત્મા દેહાતીત, વચનાતીત, વિકલ્પાતીત, નિર્વિકલ્પસ્વરૂપ છે તે આત્મા દેહથી, વચનથી, વિકલ્પોથી પેલે પાર બિરાજે છે, ત્યાં અંતરમાં ઊંડો જાય તો પ્રગટ થાય છે. ૨૨.

* સમ્યગ્દૃષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાન પરિણતિ દ્રવ્ય તેમજ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વપ્રત્યેનું—દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે. ૨૩.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## બંધ-મોક્ષનાં કારણનો એક જ નિયમ

(સમયસાર-કળશ ૧૧૦ ઉપરના પ્રવચનમાંથી)

**એક જ જીવને એક જ કાળે જ્ઞાનધારા ને કર્મધારા;**
**બંને ધારા એક સાથે હોવા છતાં તેમને કર્તા-કર્મપણું નથી.**
**શુદ્ધજ્ઞાનધારા બધા જીવોને મોક્ષનું જ કારણ થાય છે;**
**ને રાગધારા બધા જીવોને બંધનું જ કારણ થાય છે.**

બંધ-મોક્ષનો આ નિયમ બધા જીવોને માટે એકસરખો છે.

જ્ઞાનીની દશા સંબંધમાં અને બંધ-મોક્ષના કારણ સંબંધમાં સામાન્યપણે જીવો બે પ્રકારની ભૂલ કરે છે.

- એક તો એમ માને છે કે જ્ઞાનીને શુભરાગ સર્વથા હોય જ નહિ;
- અને બીજા એમ માને છે કે જ્ઞાનીને જે શુભરાગ હોય તે મોક્ષનું કારણ થાય.

—આ બંને માન્યતા ભૂલભરેલી છે; અને તેવી માન્યતાવાળા જીવે જ્ઞાનીની જ્ઞાનદશાને ઓળખી નથી, તથા જ્ઞાનધારા અને રાગધારા બંનેની અત્યંત ભિન્નતાને, તેમજ તેમના અત્યંત ભિન્ન ફળને પણ તે ઓળખતો નથી—આ ઓળખાણ અત્યંત મહત્વની છે ને જીવને અપૂર્વ ભેદજ્ઞાનનું તે કારણ થાય છે. તેથી તે સંબંધી સુંદર સ્પષ્ટીકરણ જે કળશટીકા કળશ ૧૧૦માં કર્યું છે તે અહીં આપવામાં આવ્યું છે. મુમુક્ષુઓએ આ ઉપયોગી વિષયને બરાબર લક્ષગત કરવા જેવો છે.

સમ્યગ્દષ્ટિ-જ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાનાદિનું જે શુદ્ધપરિણમન છે તે તો મોક્ષનું કારણ છે; અને તેની સાથે જેટલી શુભાશુભ-રાગની ક્રિયાઓ છે તે બંધનું જ કારણ થાય છે.

ટીકાકાર જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા બતાવીને શુભરાગને પણ મોક્ષમાર્ગથી વિરુદ્ધ કામ કરનાર બતાવે છે. ભાઈ, તું રાગને મોક્ષમાર્ગ માનીશ તો તને

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**
**પરમાગમ શ્રી સમયસાર**

ભ્રાંતિ થશે. શુભરાગ ભલે જ્ઞાનીનો હોય તોપણ તે બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી.

અજ્ઞાનીનો શુભરાગ તો બંધનું કારણ થાય, પણ જ્ઞાનીનો શુભરાગ તો મોક્ષનું કારણ થતો હશે !—એમ કોઈ માને તો તે ભ્રાંતિ છે. ભાઈ, બંધ-મોક્ષના કારણનો સિદ્ધાંત તો બધા જીવોને માટે સરખો જ હોય. એક જીવને જે બંધનું કારણ હોય—તે બધા જીવોને બંધનું કારણ થાય; એક જીવને જે મોક્ષનું કારણ હોય—તે બધા જીવોને મોક્ષનું કારણ થાય. એક જ ભાવ કોઈને બંધનું કારણ થાય ને કોઈને મોક્ષનું કારણ થાય—એમ બની શકે નહિ. બંધ-મોક્ષનો નિયમ બધા જીવોને માટે સરખો જ હોય.

ઘણા જીવો એમ ભ્રાંતિ કરે છે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું જે શુભક્રિયારૂપ છે તે તો બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિનું જે યતિપણું શુભક્રિયારૂપ છે તે મોક્ષનું કારણ છે;—કારણ કે અનુભવજ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ શુભક્રિયા—તે બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે—આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.

અહીં આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ ! જેટલી શુભ-અશુભક્રિયા છે, તે બધી બંધનું જ કારણ છે—એવો જ તેનો સ્વભાવ છે;—તેમાં કાંઈ મિથ્યાદૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિને ભેદ નથી; એટલે કે મિથ્યાદૃષ્ટિને તો તે બંધનું કારણ થાય તે સમ્યગ્દૃષ્ટિને તે મોક્ષનું કારણ થાય—એવો કોઈ તફાવત નથી. સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો,—બંનેને જેટલા શુભાશુભ કરતૂત છે તે તો બંધનું કારણ થાય છે. મોક્ષનું કારણ તો માત્ર શુદ્ધસ્વરૂપ—પરિણમન જ છે. હવે સમ્યગ્દૃષ્ટિની વિશેષતા એટલી છે કે તે શુભાશુભપરિણામની ક્રિયા વખતે જ ભેદજ્ઞાન વડે શુદ્ધાત્માના સંચેતનરૂપ શુદ્ધપરિણમન પણ વર્તે છે, તે શુદ્ધપરિણમન તો તેને મોક્ષનું કારણ થાય છે, તે જરાપણ બંધનું કારણ થતું નથી; અને તે જ વખતે તેને જે શુભાશુભભાવરૂપ અશુદ્ધપરિણમન છે તે બંધનું કારણ થાય છે.—આમ બંને ધારા ધર્મીને એક સાથે વર્તે છે. બંનેને સાથે હોવામાં વિરોધ નથી પણ બંનેનાં કાર્ય તદ્દન જુદાં છે. તે જુદાપણાને અજ્ઞાની જાણતો નથી એટલે તે બંધના કારણને મોક્ષનું કારણ માનીને તેને સેવે છે.

જ્ઞાની બંધનાં કારણને બંધનું કારણ જાણે છે, ને મોક્ષના કારણને મોક્ષનું કારણ જાણે છે, તેમને એકબીજામાં જરાપણ ભેળવતો નથી. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

શ્રી અમૃતચંદ્રસ્વામીએ (ગા. ૨૧૨-૨૧૩-૨૧૪માં) આ વાત અત્યંત સ્પષ્ટ સમજાવી છે કે આ આત્માને જે અંશથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે અંશથી તેને બંધન થતું નથી; અને જે અંશથી તેને રાગ છે તે અંશથી તેને બંધન થાય છે.

“येनांशेन सुदृष्टिः तेन अंशेन अस्य बन्धनं नास्ति ।
येनांशेन तु रागः तेन अंशेन अस्य बन्धनं भवति ।।”

(આ રીતે सुदृष्टि ની જેમ જ્ઞાન અને ચારિત્રની ગાથાઓ પણ સમજી લેવી.)

સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધજ્ઞાન અને રાગાદિ ક્રિયા બંને એકસાથે છે. અજ્ઞાની પૂછે છે કે જો શુભક્રિયા પણ મોક્ષનું કારણ નથી, એકલા બંધનું જ કારણ છે, તો પછી સહારો કોનો રહ્યો ? તેનો ખુલાસો એ છે કે હે ભાઈ ! જ્ઞાનીની દશા તને ખબર નથી. જે કાળે શુભાશુભરાગ-ક્રિયા વર્તે છે તે જ કાળે સમ્યગ્દષ્ટિને શુદ્ધસ્વરૂપના અનુભવનું જ્ઞાન પણ વર્તે છે, ને તે શુદ્ધજ્ઞાનનો જ સહારો છે, તે જ મોક્ષનું કારણ થાય છે. જે કાળે રાગ છે તે કાળે જ શુદ્ધજ્ઞાનથી ધર્મીને કર્મનો ક્ષય થાય છે.

અહો ! જુઓ આ જ્ઞાનીની અદ્‌ભુત દશા ! એક તરફથી બંધન થાય છે, ને એક તરફ તે જ વખતે મોક્ષ પણ થતો જાય છે. ધર્મીની આવી આશ્ચર્યકારી દશા છે. વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી સાધકદશામાં રાગાદિ ક્રિયાના પરિણામ તથા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-આનંદના શુદ્ધપરિણામ—એ બંનેનું એક જ કાળે એક જ પર્યાયમાં અસ્તિત્વ છે, એક પર્યાયમાં બંનેને સાથે રહેવાનો વિરોધ નથી; રાગ સાથે રહે તેથી જ્ઞાન કાંઈ અજ્ઞાનરૂપ કે રાગરૂપ થઈ જતું નથી; ને જ્ઞાન સાથે શુભરાગ રહે તેથી કાંઈ તે રાગ મોક્ષનું સાધન થઈ જતો નથી. જ્ઞાનીને એક જ કાળે જ્ઞાનની શાંતિનું વેદન ને રાગાદિની અશાંતિનું વેદન, વર્તે છે—સાધકદશામાં સાધકભાવ ને બાધકભાવ બંને એકસાથે હોવાથી આ વાતમાં કોઈ વિરોધ નથી. એક જ જીવમાં એક કાળે બંને ધારાનું અસ્તિત્વ અને બંનેનું સ્વરૂપ તદ્દન જૂદું, એક મોક્ષની ક્રિયા ને બીજી બંધની ક્રિયા;—એને જ્ઞાની જ ઓળખી શકે છે. જ્ઞાનીની આવી દશાની સાચી ઓળખાણ કરે તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન જરૂર થાય.

જ્ઞાન ને રાગ જોકે એકબીજાથી વિરુદ્ધ સ્વભાવવાળા છે, જ્ઞાનમાં રાગ નથી, રાગમાં જ્ઞાન નથી,—એમ બંને એકબીજાથી તદ્દન વિરોધી હોવા છતાં, એક ઠેકાણે બંનેને

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

સાથે રહેવામાં તેઓ વિરોધ કરતા નથી, બંને પોતપોતાના સ્વરૂપે રહે છે. બંનેના સ્વરૂપમાં વિરોધ છે, પણ સહ-અસ્તિત્વમાં વિરોધ નથી. કેટલોક કાળ (એટલે કે સાધકદશા હોય ત્યાં સુધી) તેઓ સાથે રહી શકે છે.

જોકે શુદ્ધજ્ઞાનધારા અને રાગધારા બંનેનું ફળ એકબીજાથી વિરુદ્ધ છે; જ્ઞાનધારાનું ફળ મોક્ષ છે, ને રાગધારાનું ફળ બંધન છે; એ રીતે સ્વરૂપથી બંનેને વિપરીતતા છે, તોપણ શુદ્ધજ્ઞાનને અને રાગાદિને એક જીવમાં એકસાથે રહેવામાં કાંઈ વિરોધ નથી. જાત જુદી હોવા છતાં બંને સાથે રહી શકે છે. જેમકે ચોથા ગુણસ્થાને ક્ષાયિકસમ્યક્ત્વરૂપ જ્ઞાનધારા વર્તતી હોય, ને તે જ વખતે તે જીવને અવ્રતાદિરૂપ રાગધારા પણ વર્તતી હોય, ત્યાં તે રાગધારા કાંઈ ક્ષાયિકસમ્યક્ત્વનો નાશ કરતી નથી; તે બંધનું જરાય કારણ નથી; બંને ધારા પોતપોતાના સ્વરૂપે રહે છે, એકબીજામાં ભળતી નથી.

અહો, આચાર્ય ભગવાને જ્ઞાનધારા અને રાગધારાનું, (મોક્ષકારણ ને બંધકારણનું) કેવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે ! આ પ્રમાણે ઓળખે તો મોક્ષમાર્ગમાં કાંઈ ભ્રમ ન રહે. તેને ભેદજ્ઞાન થાય, ને પોતામાં ચૈતન્યભાવને રાગાદિથી અત્યંત જુદો અનુભવતો થકો તે જીવ મોક્ષમાર્ગમાં જાય.

એ જ રીતે, જ્ઞાનીને શુભાશુભરાગમાં દુઃખનું વેદન સર્વથા હોય જ નહિ—એમ એકાંત નથી; જ્ઞાનીનેય જેટલો રાગ છે તેટલું તો દુઃખનું જ વેદન છે ને તે તો બંધનું જ કારણ છે;—પણ તે જ વખતે જ્ઞાનીને જ્ઞાનના અનુભવરૂપ જે શુદ્ધ જ્ઞાનધારા વર્તે છે તેમાં તો શાંતિનું જ વેદન છે. તે જ્ઞાનધારાની શાંતિને તો તે રાગ નાશ કરતો નથી, તે જ્ઞાનધારા રાગના વેદન વગરની છે. જેટલી જ્ઞાનધારા છે તે તો આનંદરૂપ છે, તેમાં દુઃખ કે રાગનું વેદન નથી; આ રીતે સાધક જીવમાં તે કાળે રાગ અને જ્ઞાનને સાથે રહેવામાં વિરોધ નથી—પરંતુ તેમાં જ્ઞાન રાગને કરે, કે રાગ જ્ઞાનને કરે—એવું કર્તાકર્મપણું તેમને નથી, ભિન્નપણું જ છે;—કાળથી કે ક્ષેત્રથી ભિન્ન નથી પણ ભાવથી ભિન્ન છે—સ્વરૂપે ભિન્ન છે. આવું ભિન્ન સ્વરૂપ ઓળખતં રાગના કર્તૃત્વથી છૂટીને જ્ઞાન પોતાના સહજ જ્ઞાનસ્વરૂપમાં પરિણમતું થકું ને શાંતરસને વેદતું થકું મોક્ષને સાધે છે.

શાંતરસને વેદનારી જ્ઞાનધારા જયવંત વર્તો. (ક્રમશઃ)

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,
તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

પ્રશ્ન :—નિર્વિકલ્પ અનુભવ વખતે પણ પ્રગટ અંશરૂપ પર્યાયનો જ અનુભવ થાય છે, તો પૂર્ણ શુદ્ધ આત્માનું વેદન કેમ થાય ?

ઉત્તર :—નિર્વિકલ્પ અનુભવ વખતે પર્યાય ઉપર લક્ષ નથી હોતું, પણ અખંડ વસ્તુ ઉપર જ લક્ષ હોય છે. અખંડ વસ્તુના લક્ષે એકાગ્ર થતાં નિર્મળપર્યાય પ્રગટે છે, તે પર્યાયનું વેદન થાય છે; પણ 'હું અખંડદ્રવ્યનું લક્ષ કરું છું ને નિર્મળપર્યાય પ્રગટે છે.' એવો વિકલ્પ ત્યાં હોતો નથી. ભોગવટો વર્તમાન પર્યાયનો છે પણ તે વર્તમાનપર્યાયનું લક્ષ ત્રિકાળી દ્રવ્ય ઉપર છે. ત્રિકાળીદ્રવ્યમાં અભેદ થયો ત્યારે પર્યાય નિર્મળ થયો છે. કોઈ પણ જીવને ત્રિકાળી દ્રવ્યનો ભોગવટો (વેદન) હોય નહિ પણ વર્તમાનપર્યાયનો ભોગવટો જ હોય છે. આખી વસ્તુ વેદનમાં આવતી નથી, પરંતુ નિર્વિકલ્પ અનુભવ વખતે દ્રવ્ય-પર્યાયનો ભેદ નથી; સહજ પારિણામિકભાવનું જ લક્ષ છે. બહારમાં પર તરફ લક્ષ ન કરતાં પર્યાયને અંતર્સ્વભાવમાં વાળ્યો. ત્યાં એકલો સામાન્ય સ્વભાવ જ લક્ષમાં રહ્યો. ને સામાન્ય-વિશેષ અભેદ થયા. જે તરફ અવસ્થા વળી તે સામાન્ય છે, ને અવસ્થા પોતે વિશેષ છે. વર્તમાન ચાલતી અવસ્થા સામાન્ય સ્વભાવ તરફ વળીને એકાગ્ર થઈ ત્યાં દ્રવ્ય-પર્યાયનો ભેદ રહ્યો નહિ; વર્તમાન અવસ્થા જો બહારનું કે અવસ્થાનું લક્ષ કરે તો દ્રવ્ય-પર્યાયનો ભેદ પડે છે. બહારનું અને અવસ્થાનું લક્ષ છોડીને આત્મસ્વભાવ તરફ અવસ્થા ઢળે તેમાં સામાન્ય–વિશેષની એટલે દ્રવ્ય-પર્યાયની એકતા થાય છે, તેમાં ભેદ કે વિકલ્પ નથી.

આત્માના વર્તમાનપર્યાયને ક્યાં એકાગ્ર કરવાથી મુક્તિ થાય તેની આ વાત ચાલે છે. જીવ પોતે કોણ ? અને પોતાનું કાયમનું સ્વરૂપ શું ?—ધર્મ કરનાર કોણ ! અને શું કરવાથી ધર્મ થાય ?—એ જાણ્યા વિના ધર્મ કેવો ? અને વ્રત–ઉપવાસ શેનાં ?

આત્માના સામાન્ય એકરૂપ સ્વરૂપના લક્ષે ધર્મ થાય છે; સામાન્ય એકરૂપ સ્વભાવ સદા પરિપૂર્ણ છે, તેમાં કોઈ ભેદ નથી; ઓછી દશા પ્રગટ છે અને પૂરી દશા પ્રગટશે—એવા

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

ભેદ તેમાં નથી, તેમ જ તેમાં વિકાર ભર્યો નથી, વિકાર તો પર લક્ષે પર્યાયની યોગ્યતાથી એક સમયપૂરતો થાય છે. જેમ આંગળીના છેડે નખ વધે છે તે નખ કોઈ ઠેઠ આંગળીમાં ભર્યો નથી પણ આંગળીના ઉપલા ભાગમાં જ નખ થાય છે, તેમ વિકારીભાવ આત્માના સ્વભાવમાં ભર્યા નથી પણ એકેક સમયના પર્યાયમાં પર લક્ષે નવા થાય છે; આત્માના ત્રિકાળી સ્વરૂપમાં વિકાર નથી. તે ત્રિકાળી સ્વરૂપને ઓળખીને તેમાં એકાગ્ર થતાં વિકાર ટળીને મુક્તદશા પ્રગટે છે.

આત્મા વસ્તુ ત્રિકાળ છે. 'ત્રિકાળ' કહેતાં ત્રણકાળ ભેગા થઈને આત્માની પૂર્ણતા થાય છે—એમ ન સમજવું, વર્તમાન એકેક સમયમાં જ તે ત્રિકાળી સામર્થ્યથી પૂરો છે. આત્મા ગયાકાળમાં કે ભવિષ્યકાળમાં વર્તતો નથી પણ વર્તમાન જ રહે છે. વર્તમાન એક અવસ્થા પ્રગટ છે અને તે સિવાય આખું દ્રવ્ય પણ વર્તમાન જ પડ્યું છે. આત્માને જ્યારે જુઓ ત્યારે તે વર્તમાનપણે જ છે, ભૂત કે ભવિષ્યપણે આત્મા રહેલો નથી. કોઈ પણ દ્રવ્ય ભૂત કે ભવિષ્યમાં રહે નહિ,—તો દ્રવ્યનું ત્રિકાળપણું શી રીતે છે?—કે જે વર્તમાનમાં છે તે દ્રવ્ય ભૂતકાળમાં હતું ને ભવિષ્યકાળમાં પણ રહેશે,—એ રીતે વર્તમાનમાં ત્રિકાળનું સામર્થ્ય છે. પણ દ્રવ્ય તો જ્યારે જુઓ ત્યારે વર્તમાનરૂપે જ વર્તે છે. સદાય ચાલુ વર્તમાન કાળપણે જ વસ્તુઓ વર્તે છે. આત્મા ગયાકાળનું જ્ઞાન અત્યારે કરે પણ તેથી કાંઈ 'હું અત્યારે ગયાકાળમાં વર્તું છું' એમ થતું નથી. તેમજ ભવિષ્યકાળનું જ્ઞાન કરે ત્યાં કાંઈ આત્મા ભવિષ્યકાળમાં વર્તતો નથી. 'હું વર્તમાન વર્તતો ત્રિકાળ છું'—એમ વર્તમાનમાં રહીને જ ત્રિકાળનું જ્ઞાન કરે છે. ભૂતકાળમાં વર્તતો હતો ત્યારે પણ તે વર્તમાનરૂપે વર્તતો હતો, ને જ્યારે ભવિષ્યકાળ આવશે ત્યારે તે જ વર્તમાનરૂપ થઈ જશે; એ રીતે વર્તમાનમાં આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે. તેને લક્ષમાં લેવા માટે લાંબા લાંબા કાળ ઉપર જોવું પડતું નથી પણ વર્તમાનપર્યાયને અંતરમાં વાળતાં પરિપૂર્ણ સ્વભાવ લક્ષમાં આવે છે. વર્તમાન વર્તતી અવસ્થાનું વર્તમાન વર્તતા ધ્રુવસ્વભાવમાં વલણ કરવું તે શુદ્ધતાનું કારણ છે. મુનિવરો એવા ધ્રુવરૂપ પરમપારિણામિક-સ્વભાવની ભાવનાથી મોક્ષ પામે છે. દરેક મોક્ષાર્થી જીવોએ તે સ્વભાવની ઓળખાણ કરીને તેમાં જ એકાગ્રતા કરવાયોગ્ય છે, તે જ મોક્ષનો ઉપાય છે.

હવે, શુદ્ધાત્માની ભાવનામાં કાંઈ દોષ નથી માટે તેની જ ભાવના કરવાનું બીજા કળશમાં કહે છે—

**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.**

(માલિની)

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।
उभयसमयसारः सारतत्त्वस्वरूपं
भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः॥५९॥

પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા અને ઉભય સમયસારરૂપ એવા હે મુનીશ! સમસ્ત પ્રકારનાં શુભકર્મ પણ ભોગી જીવોના ભોગનું મૂળ છે એમ સમજીને તેને છોડો, અને ભવથી વિમુક્તિ અર્થે સારભૂત તત્ત્વસ્વરૂપ આ શુદ્ધાત્માનું ભજન કરો. તેમાં શું દોષ છે? અર્થાત્ તેમાં કાંઈ દોષ નથી, તે જ નિર્દોષ કાર્ય છે.

ધર્માત્મા પોતાના સ્વભાવની ભાવના કરે છે, ને સર્વ પુણ્યના વિકલ્પને કામી જીવોના ભોગનું મૂળ જાણીને છોડી દે છે. પુણ્યને તેઓ હિતનું કારણ માનતા નથી. મુનિને પણ હજી અસ્થિરતાના કારણે પુણ્યભાવ થઈ જાય, પણ મુનિ તેને છોડે છે; અજ્ઞાની જીવો પુણ્યના ફળમાં સુખ માનીને તેનું આદરે છે. ધર્મીને પુણ્યના વિકલ્પ ઊઠે છે પણ તેનાં ફળ સંસારના ભોગી જીવોને માટે છે, યોગી તો તેને છોડી દે છે, અને તત્ત્વસ્વરૂપના સારરૂપ પોતાના પરમ સમયસારને જ મુક્તિનું કારણ સમજીને તેનું અવલંબન કરે છે. મુનિઓનું ચિત્ત પરમ–આત્મતત્ત્વના અભ્યાસમાં જ નિષ્ણાત છે; પુણ્યભાવ તો આત્માની શાંતિને વિઘ્ન કરનાર છે. તેનો આદર મુક્તિની અભિલાષાવાળાને હોઈ શકે નહિ. બંધનથી છૂટકારો કરીને મુક્તદશા પ્રગટ કરવા માટે આત્મા પોતે પોતાના સ્વભાવનું જ ભજન કરે છે. આત્મસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા કરવી તે ભગવાન આત્માનું ભજન છે; પોતાના ગુણસ્વરૂપ પરમાત્માનું ભજન કરવાથી જ આત્મા મુક્તિ પામે છે; તેમાં નિર્દોષતા જ છે, શુભરાગ તો પોતે દોષ છે તેનાથી આત્માની મુક્તિ થતી નથી. જેમ મનુષ્યોએ છોડેલી વિષ્ટાને ભૂંડ જેવા પશુઓ ખાય છે. તેમ જ્ઞાનીઓએ જે પુણ્યભાવને વિકારી જાણીને છોડી દીધા છે તે પુણ્યને અજ્ઞાની જીવો સુખનું સાધન માનીને અંગીકાર કરે છે, ને તેની ભાવના કરીને સંસારમાં રખડે છે; જ્ઞાનીઓ તો પુણ્યની ભાવના છોડીને આત્મસ્વભાવની ભાવના વડે મુક્ત–પરમાત્મા થાય છે.

અહીં મુનિને સંબોધન કરીને ટીકાકાર કહે છે કે—હે મુનિ! તું શુદ્ધ આત્માનું ભજન કર, ને પુણ્યકર્મને છોડ. મુનિઓનું ચિત્ત પરમતત્ત્વના અભ્યાસમાં જ લીન છે. પંચ

રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

મહાવ્રતાદિના શુભરાગ થાય પણ તે રાગના અભ્યાસમાં મુનિનું ચિત્ત એકાગ્ર નથી. શુભકર્મને પણ મુનિવરો હેય સમજે છે ને પોતાના શુદ્ધ આત્માની જ ભાવના કરે છે. સર્વ તત્ત્વનો સાર શુદ્ધ આત્મા જ છે. જેને આત્માની સુખદશા જોઈતી હોય તેણે શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખીને તેની જ ભાવના કરવી જોઈએ; તે જ મુક્તિનો ઉપાય છે. એ સિવાય બીજી રીતે મોક્ષનો ઉપાય પ્રગટતો નથી. માટે મુમુક્ષુ જીવોએ સ્વરૂપભાવના જ કર્તવ્ય છે.

આ નિયમસારમાં આત્માના પારિણામિક સ્વભાવનું ઘણું અદ્‌ભુત વર્ણન આચાર્યભગવાને કર્યું છે. સમયસારમાં પણ ગાથા ૫૦ થી ૫૫ માં ૨૯ બોલ વગેરે દ્વારા આત્માના પવિત્ર પારિણામિકસ્વભાવભાવનું જ વર્ણન છે. અહીં તે સ્વભાવ વિશેષ સ્પષ્ટ વર્ણવ્યો છે. શ્રી ટીકાકાર મુનિરાજ કહે છે કે આત્માના સહજ સ્વભાવને ઓળખીને તેનું જ ધ્યાન કર ! જેટલા કર્મની અપેક્ષાવાળા ભાવો છે તે બધાને છોડીને, એકલા સ્વભાવભાવનું લક્ષ કરીને તે સહજ સ્વરૂપની ભાવના જ મોક્ષાર્થીએ કરવી જોઈએ. મુનિવરો શુભપુણ્યને પણ હેયરૂપ સમજીને તત્ત્વસ્વરૂપના સારભૂત શુદ્ધસ્વરૂપની ભાવનામાં લવલીન રહે છે, એ જ ભાવના શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે સાક્ષાત્ કારણ છે, તેથી મોક્ષપદના ઈચ્છુક જીવોએ પોતાના શુદ્ધસ્વરૂપની ભાવના જ કર્તવ્ય છે.

એ રીતે આ ગાથામાં આત્માના પારિણામિકભાવનું વર્ણન કર્યું, અને તેની જ ભાવના કરવાથી મોક્ષ થાય છે તેથી મુમુક્ષુઓને તેની જ ભાવના કરવાનું જણાવ્યું.

અહીં ૪૧ મી ગાથા પૂરી થઈ. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૮ થી ચાલુ) (વિચિત્ર હોનહાર)

છે તે સર્વની હું વંદના કરી ચૂક્યો છું પણ આ સાધુઓને મેં કોઈ દિવસ જોયા નથી, આ મુનિ આચારાંગ સૂત્રની આજ્ઞાથી વિમુખ સ્વેચ્છાચારી લાગે છે, માટે જ તેઓ વર્ષાકાળમાં જ્યાં-ત્યાં વિહાર કરે છે. જો જિનાજ્ઞાના પાલન કરવાવાળા હોત તો વર્ષાઋતુમાં વિહાર કેમ કરે ? માટે આ મુનિ જિનાજ્ઞાથી વિમુખ છે.''—એમ વિચારીને અર્હદત્ત શેઠે મુનિઓનો સત્કાર કર્યો નહીં અને ત્યાંથી ચાલ્યા ગયા; પણ તેની પુત્રવધૂએ અત્યંત ભક્તિથી વિધિપૂર્વક મુનિઓને આહારદાન આપ્યું. (ક્રમશઃ) ❋

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે વસ્તુના એક જ ધર્મને ગ્રહણ કરે એવા એક નય (જ્ઞાન)ને મિથ્યાત્વ શા માટે કહેવામાં આવે છે? તેનો ઉત્તર કહે છે :—

**ते सावेक्खा सुणया णिरवेक्खा ते वि दुण्णया होंति ।**
**सयलववहारसिद्धी सुणयादो होदि णियमेण ॥२६६॥**

અર્થ :—પ્રથમ કહેલા ત્રણ પ્રકારના નય તે જો પરસ્પર અપેક્ષાસહિત હોય તો તે સુનય છે; પરંતુ એ જ જ્યારે અપેક્ષા રહિત સર્વથા એક એક ગ્રહણ કરવામાં આવે ત્યારે તે દુર્નય (મિથ્યાનય) છે. સુનયોથી સર્વ વ્યવહારની (વસ્તુના સ્વરૂપની) સિદ્ધિ થાય છે.

ભાવાર્થ :—નય છે તે બધાય સાપેક્ષ હોય તો સુનય છે અને નિરપેક્ષ હોય તો કુનય છે. સાપેક્ષતાથી સર્વ વસ્તુવ્યવહારની સિદ્ધિ છે–સમ્યક્જ્ઞાન સ્વરૂપ છે તથા કુનયોથી સર્વ લોકવ્યવહારનો લોપ થાય છે–મિથ્યાજ્ઞાનરૂપ છે.

જો વસ્તુના બધા પડખાઓને જાણે નહિ અને એકાંતનો જ એક પક્ષ પકડીને બેસી જાય તો તે મિથ્યાદષ્ટિ છે—એમ હવે કહે છે.

જો સામાન્ય જાણે પણ વિશેષ એટલે કે પર્યાય જેમ છે તેમ ન જાણે તો તે મિથ્યાનય છે. જુઓ, અહીં સમ્યગ્દર્શન થાય છે ત્યાં કુદેવાદિનો તો વિનય હોય જ નહિ, આ પ્રમાણે તેની પર્યાયને પણ જાણવી જોઈએ. જ્યાં સમ્યગ્દર્શન થયું હોય ત્યાં કુદેવાદિકનું સેવન અથવા માંસાદિક, કંદમૂળાદિનું ભોજન હોતું જ નથી—જો એમ ન માને તો તેને વ્યવહારનું પણ ભાન નથી, તેને એકાંત નિશ્ચયાભાસ થઈ જાય છે.

કોઈપણ નયનું જ્ઞાન બીજા પક્ષની અપેક્ષાસહિત હોય છે. જે સમયે વાણીમાં એક ધર્મ કહ્યો તે સમયે બીજા ધર્મની અપેક્ષા સહિતનું તે કથન છે. જેમ, આત્મા શુદ્ધ ભગવાન સમાન છે—એમ કહ્યું, ત્યાં દ્રવ્યદષ્ટિના હેતુથી કહેલ છે પણ તે સમયે પર્યાયમાં અશુદ્ધતા છે, તેની અપેક્ષા સહિતનું આ કથન છે. જો પર્યાયની અપેક્ષા છોડીને સર્વથા એકાંત કથનને પકડી લે તો તેને નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન નથી, માટે તેનું નિશ્ચય પણ મિથ્યા છે

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.

અને વ્યવહાર પણ મિથ્યા છે. વ્યવહારની અપેક્ષા વગર નિશ્ચય હોઈ શકે નહિ અને નિશ્ચયના વગર વ્યવહાર પણ હોતો નથી. વીતરાગમાર્ગમાં બંનેને જેમ છે તેમ જાણવાં જોઈએ, ત્યારે જ્ઞાન, પ્રમાણ થાય છે; તેના વિના ધર્મ થતો નથી.

જ્ઞાનથી આત્માને જાણીને, સુખદશા પ્રગટવી તે ધર્મ છે. તે જ્ઞાનની પાંચ અવસ્થાઓ છે.—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન. તેમાંથી શ્રુતજ્ઞાનમાં નય હોય છે. નય જૈનદર્શનની વિશિષ્ટ વસ્તુ છે. લક્ષણ, પ્રમાણ, નય અને નિક્ષેપ—આ પદાર્થોને જાણવાના ઉપાય છે. વસ્તુનું લક્ષણ શું છે ? તેને જાણવાવાળું જ્ઞાન શું છે ? તે જ્ઞાનનો પક્ષ કેમ હોય છે ? અને વસ્તુમાં જે ભાવ કહેલ છે, તે તેનો ત્રિકાળીભાવ છે કે પર્યાય છે કે ભૂત-ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ કથન છે ?—આ બધું જાણવું જોઈએ. પહેલા છએ દ્રવ્યોના ભિન્ન-ભિન્ન લક્ષણનું વર્ણન થઈ ગયેલ છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જાણવા તે પ્રમાણ છે અને વસ્તુના એક ધર્મને મુખ્યરૂપથી ગ્રહણ કરવાવાળા શ્રુતજ્ઞાનના અંશને નય કહે છે. તે નય બીજા નયોની અપેક્ષાસહિત હોવાથી સુનય છે. જો અન્ય નયોથી સર્વથા નિરપેક્ષ હોય તો તે કુનય છે. કોઈ એકલા વ્યવહારના આશ્રયથી ધર્મ માને અને નિશ્ચયસ્વભાવને ન જાણે તો તે પણ કુનય અર્થાત્ મિથ્યાત્વ છે.

જુઓ, એક બાજુ એમ કહેવામાં આવે છે કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી અને પછી નૈગમનયથી એમ પણ કહે છે કે શરીર, જીવની ઈચ્છાથી ચાલે છે અથવા ક્રોધના નિમિત્તરૂપ જડવસ્તુને પણ નૈગમનયથી ક્રોધ કહે છે; આ પ્રમાણે નયના કથનને જેમ છે તેમ સમજવા જોઈએ. જુઓ, શરીર ચાલે છે, ત્યારે જીવની ઈચ્છા નિમિત્ત છે; માટે સંકલ્પ કરીને નૈગમનયથી એમ કહ્યું કે જીવની ઈચ્છાને કારણે શરીરનું ગમન થયું પણ તે જ સમયે નિશ્ચયની અપેક્ષાનું ભાન સાથે જ છે કે ખરેખર જીવની ઈચ્છાથી શરીર નથી ચાલતું—એમ નિશ્ચયની અપેક્ષા વિના એકલું નૈગમનય હોય તો તે મિથ્યા છે અને નિશ્ચયની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળું જ્ઞાન પણ ન હોય તો તે પણ એકાંત હોવાથી મિથ્યા છે; માટે બધા નય સાપેક્ષ હોય છે.

જિનાગમમાં ક્યારેક વ્યવહારથી કથન હોય છે તો ક્યારેક નિશ્ચયથી કથન હોય છે પરંતુ ત્યાં વસ્તુસ્થિતિનું લક્ષ રાખીને જે અપેક્ષા હોય, તેને જાણવી જોઈએ. નયજ્ઞાન તો યથાર્થ વસ્તુસ્વરૂપના નિર્ણયનું કારણ છે. નયોનું જ્ઞાન કરે નહિ અને સર્વથા એક જ પક્ષ પકડીને બેસી જાય તો તે મિથ્યાજ્ઞાન છે.

**પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.**

એક બાજુ એમ કહેવું કે પરથી કાંઈ લાભ થતો નથી. અને પછી ભગવાનની પ્રતિમાના દર્શન-પૂજનનો ઉપદેશ આવે તો બંનેમાં જ્યાં જે નયની અપેક્ષા છે, તે સમજવી જોઈએ. આત્મા શરીરની ક્રિયાને કરી શકતો નથી—એમ નિશ્ચયનય કહે છે અને પછી એમ પણ કહેવાય છે જોઈને ચાલવું જોઈએ. ત્યાં આત્મા શરીરની ક્રિયા કરે છે એમ દર્શાવવું નથી પણ ત્યાં પ્રમાદભાવ ન થવા દેવા માટેનું આ કથન છે. આ પ્રમાણે નય વિવક્ષાઓને બરાબર સમજવી જોઈએ.

જયધવલમાં કહે છે કે ક્રોધાદિ કષાયો કર્મથી જ થાય છે તો ત્યાં નૈગમનયના આરોપથી કથન છે. પછી ત્યાં ઋજુસૂત્રનયથી કહે છે કે કષાય, પારિણામિકભાવ છે. માટે એક નયનું કથન પકડીને બેસી જાય અને બીજા નયોની અપેક્ષા સર્વથા છોડી દે તો તે અજ્ઞાન છે.


જુઓ, કોઈ શાસ્ત્ર, મિથ્યાદ્રષ્ટિના દયાના શુભપરિણામથી સંસારનો કિનારો માને તો તે નય જ નથી પણ મિથ્યાત્વ છે. ચિદાનંદસ્વભાવની દ્રષ્ટિથી સંસારનો નાશ થાય છે, તેના બદલે સ્વભાવના ભાન વગર એકલા શુભરાગથી કે દાનાદિના ભાવથી સંસારથી પાર ઉતરવાનું કહે તો તે મિથ્યાદ્રષ્ટિનું કથન છે, તેના કથનમાં નય લાગુ પડતા નથી.

અહો ! આત્માના અભેદસ્વભાવની દ્રષ્ટિથી જ સંસારનો અભાવ થાય છે. તેના બદલે અજ્ઞાનીના શુભરાગથી સંસારનો નાશ થવાનું માને તે મહા-વિપરીત કથન છે. શુભરાગ તો ઉદયભાવ છે; શું ઉદયભાવથી સંસારનો નાશ થાય છે ? નથી થતો. જુઓ, જ્ઞાની પણ નિમિત્ત અપેક્ષાએ એમ કહે છે કે હે નાથ ! હે જિનેન્દ્ર ! આપની ભક્તિથી અમે સંસારને પાર ઉતર્યા. હે ગુરુદેવ ! તમારા ચરણકમળના પ્રસાદથી અમે ભવસમુદ્ર તરી ગયા. જોકે જ્ઞાનીને અંતરમાં ભાન વર્તે છે કે પોતાના નિજસ્વભાવના આશ્રયથી જ અમે સંસારસમુદ્રને પાર પામ્યા છીએ, તેમાં દેવ-ગુરુ નિમિત્ત છે; માટે વિનયથી નિમિત્તમાં આરોપ કર્યો છે. જેને અંતરમાં અનારોપ દ્રષ્ટિ પ્રગટ થઈ છે, તે આરોપ કરીને કહે છે પણ જેને હજી અનારોપદ્રષ્ટિ પ્રગટ થઈ નથી, સ્વભાવનું ભાન થયું નથી, સમ્યગ્દર્શન થયું નથી અને એકલા રાગથી જ સંસારનો અંત થવાનું માને છે તેના આરોપ પણ કહેવામાં આવતા નથી, તે તો મિથ્યાદ્રષ્ટિનું કથન છે. અનારોપ વગર આરોપ શેનો ? જ્ઞાનીને તો સ્વભાવની દ્રષ્ટિથી સંસારનો અભાવ થયો છે; માટે અનારોપભાવ પ્રગટ થયો છે, ત્યાં આરોપથી એમ કહે છે કે હે નાથ ! તમારી ભક્તિથી અમે તરી ગયા. હકીકતમાં તો તે નિમિત્તનું કથન છે અને તેમાં નય લાગુ પડે છે; અજ્ઞાનીને તો નય હોતા જ નથી.

(ક્રમશઃ)





# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૪)

## જીવ–અજીવ સંબંધમાં વિશેષ ભૂલો

**मैं सुखीदुखी मैं रंकराव, मेरे धनगृहगोधन प्रभाव।**
**मेरे सुत तिय, मैं सबल दीन, बेरूप सुभग मूरख प्रवीन ॥४॥**




હું ચિન્મૂર્તિ ઉપયોગસ્વરૂપ છું–એ ભૂલીને અજ્ઞાની જીવ શરીરને પોતાનું માને છે, એટલે શરીર સંબંધી સ્ત્રી–પુત્રાદિ પદાર્થોને પણ પોતાનાં માને છે; શરીરની અવસ્થાથી હું બળવાન કે હું દીન એમ માને છે; ધન-ગૃહ-ગાય-ભેંસ-રેડિયો-મોટર એ બધા મારાં જ છે, શરીર સારૂં હોય ત્યાં હું સુખી, શરીર રોગી હોય ત્યાં હું દુઃખી–એમ માને છે; 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અથવા 'પહેલું સુખ તે જાતે નર્યા'–એ બધી લોકોની કહેવત છે.–પણ ભાઈ! 'જાત' એટલે શું? શું તું જડ–શરીરની જાતનો છો? ના; તું તો ચૈતન્યજાત છો. તારી ચૈતન્યજાત પોતે સુખસ્વરૂપ છે. પણ મિથ્યાત્વને લીધે પોતાની ચૈતન્યજાતને ભૂલીને, દેહની જાત પોતાની માનીને દુઃખ ઊભું કર્યું છે, તે મિથ્યાત્વનો નાશ કરતાં આત્મા સ્વયં પોતે આનંદસ્વરૂપ છે; પોતામાં જ સુખ છે, કાંઈ દેહમાં સુખ નથી. મિથ્યાત્વાદિના અભાવથી આત્મામાં રાગ વગરનો જે સહજ આનંદ અનુભવાય તે સુખ છે, બાકી દેહ-સ્ત્રી-પુત્ર-ધન-બંગલો-મોટર એમાં ક્યાંય સુખ માનવું તે તો મિથ્યા કલ્પના છે. આત્મા પરવસ્તુને તો વેદતો નથી પણ તે તરફનો રાગ કરીને તે રાગના વેદનથી અજ્ઞાની પોતાને સુખી માને છે, ને પરને હું ભોગવું છું–એમ માને છે; પણ સુખ બહારમાં નથી, પરભાવમાં નથી. સંયોગ અને પરભાવ વગરના આત્માને દૃષ્ટિમાં લેતાં જે સુખ થયું તે સાચું સુખ છે.

રેડિયો ને મોટર, મકાન ને તિજોરી એ તો બધા જડ છે. તેમાં સુખ કેવું?–એમાંથી

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**

સુખ લેવા જતાં તો તારા આત્માનું ખરૂં સુખ ભુલાઈ જાય છે. અરે, તું જીવ હોવા છતાં તેં જીવની ચાલ જાણી નથી, જીવનું જીવન જાણ્યું નથી ને મૂઢપણે અજીવમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે;—કેમકે જેમાં પોતાનું સુખ માને તેમાં પોતાનું અસ્તિત્વ માને છે.

અજ્ઞાનીએ બહારમાં પોતાપણું માન્યું એટલે તે બહારની અનુકૂળતાથી પોતાને સુખી માને છે ને પ્રતિકૂળતાથી દુઃખી માને છે. અનુકૂળતામાં જે સુખ માને તે પ્રતિકૂળતામાં દુઃખ માન્યા વગર રહે નહિ એટલે સાચો સમભાવ તેને રહે નહિ. દેહમાં રોગ આવે ત્યાં તો જાણે કે 'અરે, હું દુઃખી થઈ ગયો, મારા જેવું કોઈ દુઃખી નથી હો!'—એમ અજ્ઞાની દુઃખી થાય છે. જોકે દેહની અનુકૂળતા વખતેય તે મોહબુદ્ધિથી દુઃખી જ છે, પણ દેહબુદ્ધિ આડે એ દુઃખ એને દેખાતું નથી. આત્માનું સુખ લક્ષમાં લ્યે તો એ દુઃખની ખબર પડે ને! જેમ દુર્ગંધી વીષ્ટાનો કીડો તે વીષ્ટામાં સુખ માને છે તેમ મોહનો કીડો (મિથ્યાદૃષ્ટિ) મોહમાં સુખ માને છે, રાગમાં સુખ માને છે.

બીજા નિરોગી ને હું રોગી, બીજા ધનવાન ને હું નિર્ધન, બીજાને બાયડી—છોકરાં ને મારે કાંઈ નહિ, બીજા રૂપાળા ને હું કદરૂપો, બીજાને મોટી મોટી પદવી ને મારે સાધારણ નોકરી,—એમ સંયોગમાં જ પોતાનું અસ્તિત્વ દેખતો અજ્ઞાની દુઃખી થાય છે. અરે ભગવાન! એ બધુંય સરખું હોય તોપણ એમાં ક્યાં સુખ છે? તેમાં ક્યાં તારું અસ્તિત્વ છે? તું તો ઉત્કૃષ્ટ ચૈતન્યરૂપનો ધારક છો; તારી સર્વજ્ઞપદની વિભૂતિ જગતમાં ઉત્કૃષ્ટ છે; અરે, તું દેહમાં ક્યાં મૂર્છાણો? વિજ્ઞાનઘન આનંદમૂર્તિ આત્મા તું મૃતક ક્લેવર જેવા શરીરમાં કેમ મોહિત થયો? શરીરની અવસ્થાથી તું પોતાને સુખી દુઃખી માને છે તે મહાન અસત્ય છે. હું પૈસાવાળો અથવા હું ગરીબ—એ પણ બાહ્યબુદ્ધિ છે. શરીર પણ તારું નથી તો ધન—પુત્રાદિ તારાં ક્યાંથી થયા?—એ તો ક્ષેત્રથી પણ તારાથી દૂર પડ્યા છે, તો તારાં ક્યાંથી થઈ ગયા! ભાઈ, તું પૈસાવાળો કે ગરીબ નથી, તું તો ચૈતન્યલક્ષ્મીનો ખજાનો છો, આનંદનો ભંડાર છો; જેની પ્રીતિના બળે છ ખંડની વિભૂતિનો મોહ ક્ષણમાં છૂટી જાય—એવી ચૈતન્ય સંપત્તિનો ભંડાર તું છો. માટે દીનતા છોડ ને તારી ચૈતન્યલક્ષ્મીને સંભાળ.

બહારનું કરવાની હો—હા કરીને લોકો મિથ્યાત્વને સેવે છે, પણ સ્વતત્ત્વને સંભાળતા નથી. જડના સંયોગથી હું રાજા કે હું રંક—એ બંને માન્યતા મિથ્યા છે. પૈસા તો પુદ્‌ગલની રચનાથી બન્યા છે, તે કાંઈ જીવની રચનાથી બન્યા નથી. જીવની રચના તો

ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.

જ્ઞાનમય હોય, જડ ન હોય. અસંગી ચૈતન્યને ભૂલીને પરસંગને પોતાના માનતાં જીવ દુઃખી થાય છે. કોઈ જીવ 'રૂપિયા મારા' એવા તીવ્ર મોહવશ મરીને તે રૂપિયાના ડાબલામાં જ અવતરે છે. જાણે કે રૂપિયા તે જ જીવ હોય એમ તેની પાછળ જીવન ગુમાવે છે. પણ ભાઈ ! તારું જીવન રૂપિયા વગરનું ચૈતન્યમય છે; રૂપિયા વગરનો આનંદ તારામાં છે. તું કહે છે—બંગલો મારો, ઘર મારું, પણ એ તો માટીનાં છે. તારું ઘર તો ચૈતન્યમય છે; ચૈતન્યઘરમાં તારું રહેઠાણ છે, જડ ઈંટના ઢગલામાં તારું રહેઠાણ નથી. ચૈતન્યમય નિજઘરને ભૂલીને પરઘરમાં—પથ્થરના બંગલામાં કે ઝૂંપડામાં જીવ પોતાપણાની બુદ્ધિ કરે છે ને મોહથી રખડે છે. સન્તો તેને અસંખ્યપ્રદેશી આનંદનું ધામ એવું નિજઘર બતાવે છે. ભાઈ, તું નિજઘરમાં કદી ન આવ્યો ને બહાર ચાર ગતિરૂપ પરઘરમાં રખડ્યો, હવે તો નિજઘરમાં આવ.

હમ તો કબહૂં ન નિજઘર આયે.....

પરપદ નિજપદ માન મગન હ્વૈ પર પરિણતિ લિપટાયે,

શુદ્ધબુદ્ધ સુખકંદ મનોહર ચેતનભાવ ન ભાયે....હમ તો૦

અરે, પથ્થરનું મકાન કે શરીર તે તો જડની રચના છે, એ જડભુવનમાં આત્માનું ખરૂં રહેઠાણ નથી. આત્માનું ખરૂં રહેઠાણ તો જ્ઞાન અને સુખનું ધામ છે, એવા આત્મભુવનમાં હે જીવ! તું આવ.

અગાઉના શ્રીમંત લોકો ઘણા ગાય—ભેંસ રાખતા ને તેને ધન ગણાતું; ગાય—ભેંસને બદલે અત્યારે તો ઘરે ઘરે રેડિયા ને મોટર થઈ ગયા છે. પણ એ ગાય—ભેંસ કે મોટર—રેડિયા કાંઈ જીવનું નથી. જીવ મફતનો એની પાછળ જીંદગી ગુમાવે છે. ભાઈ! એ કોઈ તને શરણ થવાના નથી. રાજપદ ને પ્રધાનપદ પણ અનંતવાર મળ્યાં, પણ એ કાંઈ તારાં પદ નથી, તે તો અપદ છે, તારું પદ તો ચૈતન્યમય છે. ધન—શરીરાદિ તારાં હોય તો તે મારી સાથે જ રહેવા જોઈએ ને પરભવમાંય સાથે આવવા જોઈએ. મરણ ટાણે તો એ બધા અહીં પડ્યા રહેશે, તેની ખાતર તેં ગમે તેટલા પાપ બાંધ્યાં પણ તારી સાથે એક ડગલું પણ તે આવવાનાં નથી.

મરવાનું ટાણું થતાં જીવ શરીરને કહે છે કે—હે શરીર! હે મારા ભાઈબંધ! આખી જીંદગી આપણે સાથે રહ્યા માટે હવે તું મારી સાથે ચાલ! (ક્રમશઃ) ❊

**જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### મુનિધર્મના દશ ભેદ

**उत्तमखममद्दवज्ञवसच्चसउच्चं च संजमं चेव।**
**तवचागमकिंचण्हं बम्हा इदि दसविहं होदि।।७०।।**

ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, ઉત્તમઆર્જવ, ઉત્તમસત્ય, ઉત્તમશૌચ, ઉત્તમસંયમ, ઉત્તમતપ, ઉત્તમત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમબ્રહ્મચર્ય–એ મુનિધર્મના દશ ભેદો છે. ૭૦.

### ક્ષમાધર્મનું લક્ષણ

**कोहुप्पत्तिस्स पुणो बहिरंगं जदि हवेदि सक्खादं।**
**ण कुणदि किंचि वि कोहं तस्स खमा होदि धम्मोत्ति।।७१।।**

જોકે ક્રોધની ઉત્પત્તિના સાક્ષાત્ બહિરંગ કારણ હોય છતાં પણ જે જરાપણ ક્રોધ કરતા નથી તેને ક્ષમા ધર્મ હોય છે. ૭૧.

### માર્દવધર્મનું લક્ષણ

**कुलरूवजादिबुद्धिसु तवसुदसीलेसु गारवं किंचि।**
**जो ण वि कुव्वदि समणो मद्दवधम्मं हवे तस्स।।७२।।**

જે મુનિ કુળ, રૂપ, જાતિ, બુદ્ધિ, તપ, શ્રુત તથા શીલના વિષયમાં કિંચિત્ પણ ગર્વ કરતા નથી તેને માર્દવ ધર્મ હોય છે.

### આર્જવધર્મનું લક્ષણ

**मोत्तू ण कुडिलभावं णिम्मलहिदयेण चरदि जो समणो।**
**अज्ञवधम्मं तइयो तस्स दु संभवदि णियमेण।।७३।।**

જે મુનિ કુટિલભાવને છોડીને નિર્મળ હૃદયથી આચરણ કરે છે તેને નિયમથી ત્રીજો આર્જવ ધર્મ હોય છે. ૭૩.

### સત્યધર્મનું લક્ષણ

**परसंतावयकारणवयणं मोत्तूण सपरहिदवयणं।**
**जो वददि भिक्खु तुरियो तस्स दु धम्मो हवे सच्चं।।७४।।**


બીજાને સંતાપ કરવાવાળા વચનને છોડીને જે ભિક્ષુ સ્વપરહિતકારી વચન બોલે છે તેને ચોથો સત્યધર્મ હોય છે. ૭૪.

(ક્રમશઃ) ❊















### તીર્થયાત્રાનો હેતુ શું છે ?

અહો, સમ્મેદશિખર વગેરે મહાન તીર્થક્ષેત્રો—જ્યાં અનેક સાધકસંતો અને તીર્થંકરો વિચર્યા, જ્યાંથી અનેક જીવો મોક્ષ પામ્યા, તેમના વીતરાગી જીવનનું સ્મરણ તીર્થયાત્રામાં જાગે છે, ને પોતાને તેવા માર્ગે જવાનો ઉલ્લાસ જાગે છે, સંસારના કાર્યોથી નિવૃત્તિપૂર્વક આત્મતત્ત્વની એકત્વભાવના જાગે છે. આ રીતે તીર્થમાં વિચરતાં વીતરાગી મહાપુરુષોના જીવનનું સ્મરણ થતાં પોતાને ચૈતન્યની આરાધનાનો ઉત્સાહ જાગે છે—તે જ તીર્થયાત્રાનો હેતુ છે. સંસારની અનેકવિધ શુભાશુભપ્રવૃત્તિ વચ્ચેથી નિવૃત્ત થઈને તીર્થધામોમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વની ભાવના કરવી તેની અનુભૂતિનો અભ્યાસ કરવો, અસાર સંસારથી વિરક્ત થઈને મોક્ષમાર્ગે વિચરેલા વીતરાગી સંતોનું જીવન યાદ કરીને પોતે તે માર્ગમાં ઉત્સાહ જગાડવો—તે તીર્થયાત્રાની સફળતા છે. તે માટે જ્ઞાનીઓએ તીર્થનો મહિમા કર્યો છે. તીર્થયાત્રાના શુભરાગથી ધર્મ નથી—એમ કહીને કાંઈ જ્ઞાનીઓ તીર્થયાત્રાનો નિષેધ નથી કરતા, પણ એમ કહે છે કે તીર્થમાં જઈને તું પણ પૂર્વ-સંતોનું સ્મરણ કરીને તેમની જેમ શુદ્ધાત્મતત્ત્વની ભાવના કરજે, તેને ભૂલીને એકલી બાહ્ય શુભક્રિયામાં અટવાઈ જઈશ મા—

તીર્થયાત્રા સંબંધમાં
ગુરુદેવશ્રીના
ભાવભીના હસ્તાક્ષર
આપ વાંચો.


ૐ
સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્રે
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થો નિમિત્ત છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—ત્રિકાળી આત્મદ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય એનું શું કારણ?**

ઉત્તર :—ત્રિકાળી આત્મદ્રવ્ય એ જ મૂળ વસ્તુ છે. ત્રિકાળી દ્રવ્યમાં આનંદ ભર્યો છે, તેથી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતાં પર્યાયમાં આનંદરૂપ ધર્મદશા પ્રગટ થાય છે.

**પ્રશ્ન :—ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની?**

ઉત્તર :—ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે ને ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે.

**પ્રશ્ન :—દ્રવ્યની સિદ્ધિ તો પર્યાયથી થાય છે તો પર્યાય ઊંચી થઈ?**

ઉત્તર :—દ્રવ્યની પ્રસિદ્ધિ ભલે પર્યાય કરે છે પણ પર્યાય તો એક સમયની છે અને

દ્રવ્ય તો અનંતી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ છે એની કિંમત છે. એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકના પદાર્થો જાણે છે પણ દ્રવ્ય તો એથી અનંત ગુણી પર્યાયનો પિંડ છે એથી પર્યાય કરતાં દ્રવ્યની કિંમત અનંતગુણી છે. એવા દ્રવ્યની કિંમત થાય તો પર્યાયમાં આનંદનું વેદન આવે.

**પ્રશ્ન :—દ્રવ્યમાં પડેલો આનંદ કામમાં–ભોગવટામાં આવતો નથી અને પર્યાયનો આનંદ કામમાં–ભોગવટામાં આવે છે તે પર્યાયની કિંમત વધે છે?**

ઉત્તર :—પર્યાયમાં ભોગવટામાં આવતો આનંદ એક ક્ષણ પૂરતો છે ને દ્રવ્ય તો ત્રિકાળી આનંદનો પિંડ છે. ક્ષણે ક્ષણે દ્રવ્યમાંથી આનંદનો પ્રવાહ આવે છે, એથી દ્રવ્ય આનંદનો સાગર છે. આનંદના સાગરની કિંમત વિશેષ છે.

**પ્રશ્ન :—આપ કહો છો કે જ્ઞાનની પર્યાય છે તે ધ્રુવને જાણે છે, ધ્રુવ જાણતું નથી.–તો ધ્રુવ આંધળો છે?**

ઉત્તર :—ધ્રુવ આંધળો નથી પણ મહાપ્રભુ છે. ધ્રુવ જાણવાની અવ્યક્તશક્તિઓનો પિંડ છે. પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે, તે ધ્રુવને જાણે છે.

**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

પ્રશ્ન :—જીવ શુદ્ધસ્વરૂપી છે તે તો બરાબર પણ રાગ–દ્વેષ–મોહ સુખ–દુ:ખના પરિણામને કરે છે કોણ? ને ભોગવે છે કોણ?

ઉત્તર :—જીવ જ રાગ-દ્વેષ-મોહના પરિણામને કરે છે ને સુખ-દુ:ખના હરખ-શોકને ભોગવે છે, પણ તે વિભાવપરિણામ છે, ઉપાધિભાવ છે, તેથી જીવનું સ્વરૂપ વિચારતાં તે જીવનું સ્વરૂપ નથી તેમ કહેવાય છે અને શુદ્ધસ્વરૂપના અનુભવમાં વિભાવ આવતો નથી તેથી સ્વભાવ દૃષ્ટિએ વિભાવ આત્માથી ભિન્ન છે.

પ્રશ્ન :—આત્માનો જ્ઞાન સ્વભાવ છે તો રાગ કેમ થાય છે?

ઉત્તર :—પોતાના સ્વભાવને ભૂલીને પરને પોતાનું માને છે તેથી પરમાં રાગ કરે છે. નિમિત્તાધીન બુદ્ધિ હોવાથી રાગાદિમાં એકતાબુદ્ધિ હોવાથી—પર્યાયબુદ્ધિ હોવાથી રાગ થાય છે. આત્માના દ્રવ્ય-ગુણમાં રાગ કરવાની શક્તિ નથી પણ પર્યાયમાં વિકાર થવાની યોગ્યતાથી થાય છે.

પ્રશ્ન :—આત્મામાં નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ બંને એકસાથે છે. તેમાંથી અનિત્યસ્વભાવનો અર્થ શું છે? શું વિકારીભાવ પણ આત્માનો અનિત્ય સ્વભાવ છે?

ઉત્તર :—આત્મા કાયમ રહીને પલટતો રહે છે. આત્માની વિકારી દશા સંસાર અને નિર્મળદશા મોક્ષ છે. શરીર તો સંયોગી છે. તે તારો સ્વભાવ નથી અને ક્ષણિક વિકાર પણ તારો સ્વભાવ નથી. ત્રિકાળી સ્વભાવનું વેદન હો તે તારો સ્વભાવ છે. આત્મામાં અનિત્યસ્વભાવ તો કાયમ રહે છે, પરંતુ વિકારી પર્યાય સદા નથી રહેતી, તેથી તે ખરેખર આત્માનો અનિત્યસ્વભાવ નથી. સમયે–સમયે જે જાણવાની પર્યાય થયા કરે છે, તે આત્માનો અનિત્ય સ્વભાવ છે, નવી-નવી જ્ઞાનની પર્યાય સદા થતી જ રહે છે; તે જ આત્માનો અનિત્ય સ્વભાવ છે.

પ્રશ્ન :—ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા, અર્થાત્ આત્મા ઇન્દ્રિયોથી જણાય જાય છે–એવું માનવામાં શું આપત્તિ છે?

ઉત્તર :—‘ઈન્દ્રિયો વડે જાણે તે આત્મા’—તો કહે છે કે ના; આત્મા તો સર્વજ્ઞસ્વભાવી છે. ‘ઈન્દ્રિયો વડે જાણે તે આત્મા’ એમ માનતાં તેના સર્વજ્ઞસ્વભાવનો અપવાદ થાય છે, તેમ જ તેમાં સર્વજ્ઞનો પણ અપવાદ થાય છે, સર્વજ્ઞનું જ્ઞાન અતીન્દ્રિય છે, તેને ઈન્દ્રિયનું અવલંબન જરા પણ નથી. આવા અતીન્દ્રિયસ્વરૂપે આત્માને લક્ષમાં લેવો તે જ સર્વજ્ઞની ખરી સ્તુતિ છે. અતિન્દ્રિય આત્માને ઈન્દ્રિય વડે જાણનાર માનવો તેમાં સર્વજ્ઞની સ્તુતિ નથી પણ સર્વજ્ઞનો અપવાદ છે. (ક્રમશઃ) ❊

જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને. ૨૨૪.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—**આત્મસાધના શેનાથી બની શકે? દૃષ્ટિથી કે જ્ઞાનથી?

**સમાધાન :—**દૃષ્ટિ મુખ્ય છે તેની સાથે વિચાર પણ હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન—બેય સાથે જ હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. શરૂઆતમાં જે વિચારો આવે તે માર્ગને નિર્મળ (ચોખ્ખો) કરે છે. વસ્તુ શું છે? દ્રવ્ય શું છે? ગુણ શું છે? વિભાવ શું છે? સ્વભાવ શું છે? વગેરે બધું વિચાર દ્વારા નક્કી થાય છે ને દૃષ્ટિ એક ચૈતન્યતત્ત્વનું આલંબન કરે છે. સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ જ્ઞાન સાથે હોય છે, બંને સાથે છે. શરૂઆતમાં બધો નિર્ણય વિચાર દ્વારા જ થાય છે, પછી તેની દૃષ્ટિ સમ્યક્ થાય છે.

વ્યવહાર અપેક્ષાએ પહેલાં જ્ઞાન આવે પછી દૃષ્ટિ આવે. છતાં યથાર્થ વસ્તુસ્થિતિએ દૃષ્ટિ મુખ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ નિર્ણય કરવામાં વિચાર સાથે હોય છે. માટે બંને અપેક્ષાઓ સમજવી.

***પ્રશ્ન* :—**દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે સાથે છે તો અનુભવ વખતે કઇ રીતે સાથે હોય છે?

**સમાધાન :—**દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે હોય છે. અનુભવના કાળે જ્ઞાનમાં જે રાગમિશ્રિત વિચારો ચાલતા હોય તે છૂટી જાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અભેદ ઉપર છે, ને રાગમિશ્રિત વિચારો જ્ઞાનમાંથી છૂટી જતાં જ્ઞાન પણ પોતે આત્મા સાથે એકાકારરૂપે થઈ જાય છે. આ રીતે બંને સાથે હોય છે.

***પ્રશ્ન* :—**સ્વભાવનું ગ્રહણ થતું નથી એટલે દુ:ખ થાય છે—આકુળતા થાય છે, તો શું કરવું?

**સમાધાન :—**દુ:ખ થાય તે ભાવનારૂપે હોવું જોઈએ, આકુળતારૂપે નહિ. ક્યાંય ગમે

**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**

નહિ, શુભાશુભમાં ક્યાંય ચેન પડે નહિ, તો અંદર પોતાને ગ્રહણ કરે. પણ ગભરામણ થઈ જાય એમ નહિ. ભાવના એમ હોય કે ક્યાંય ચેન નથી પડતું, સ્વભાવને ગ્રહણ કરી લઉં. દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને. દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ જાય તો કારણ બને. પ્રયત્ન કરવો, આકુળતા થવા ન દેવી. જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છે તેની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું ને તેમાં લીનતા કરવી. ખરું આ કરવાનું છે.

*પ્રશ્ન :*—ગજસુકુમાર મુનિરાજકે સિર પર સગડી જલ રહી થી ઉસ સમય મુનિરાજકા ઉપયોગ આત્મામેં થા?

**સમાધાન :**—મુનિરાજકા ઉપયોગ ભગવાન આત્મામેં થા. સગડી જલ રહી થી મગર સગડી સગડીમેં રહ ગઈ ઔર ઉપયોગ સ્વાનુભૂતિમેં ઐસા ચલા ગયા કિ શ્રેણી ચઢકર કેવલજ્ઞાન હો ગયા. ઉપયોગ ચૈતન્યલોકમેં ચલા ગયા તો શરીરમેં ક્યા હોતા હૈ ઉસકા ધ્યાન ભી નહીં રહતા; શરીર ઔર શરીરકી વેદના પર ધ્યાન નહીં રહતા. જો ઉપયોગ બાહર આવે તો મસ્તક પર સગડી હૈ ઐસા જ્ઞાન હો. પર ગજસુકુમાર મુનિરાજ તો ભીતરમેં ગયા સો ગયા, શ્રેણી માંડ દી, બાહર આયા હી નહીં. સગડી સગડીમેં રહ ગઈ ઔર ચૈતન્ય ચૈતન્યલોકમેં ચલા ગયા, કેવલજ્ઞાન હો ગયા, સબ લોકાલોકકા પ્રકાશક હો ગયા, ચૈતન્યકે અનંતગુણ- પર્યાયકા વેદન હો ગયા, ચૈતન્યકી સ્વાનુભૂતિકા પૂર્ણ વેદન હો ગયા.

*પ્રશ્ન :*—ઈષ્ટોપદેશમેં આતા હૈ કિ જ્ઞાની દેખતે હુએ ભી નહીં દેખતા, ચલતે હુએ ભી નહીં ચલતા. તો ક્યા વિકલ્પમેં આને પર ભી ઐસા રહતા હૈ?

**સમાધાન :**—જ્ઞાનીકા ઉપયોગ બાહર આવે તો ભી વહ દેખતે હુએ નહીં દેખતા! જ્ઞાનીકી દૃષ્ટિ ચૈતન્ય પર રહતી હૈ, બાહર ઉપયોગ હોવે તો ભી દૃષ્ટિ તો ચૈતન્ય પર રહતી હૈ. ક્ષણે ક્ષણે જ્ઞાયકકી ધારા ચલતી હૈ—જ્ઞાનીકી દૃષ્ટિ પલટ ગઈ હૈ—એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ. મૈં જ્ઞાયક હૂં......જ્ઞાયક હૂં.....જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી ધારા રહતી હૈ. ઈસ લિયે વહ ચલતે હુએ ભી નહીં ચલતા, દેખતે હુએ ભી નહીં દેખતા. જ્ઞાનીકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હૈ, તો ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ કિ યે પગ ચલતા હૈ, મૈં નહીં ચલતા. મૈં જ્ઞાયક હૂં ઐસા વિકલ્પ નહીં, પર સહજ જ્ઞાયકકી ધારા ચલતી હૈ. આંખ તો જડ હૈ, આંખસે મૈં નહીં દેખતા, મૈં તો જ્ઞાયક હૂં. શરીરસે ચલનેવાલા મૈં નહીં. મૈં તો જ્ઞાયક હૂં. ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકી ચલતી હૈ. બાહ્ય દૃષ્ટિ નહીં હૈ, દૃષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ, એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ, કર્તાબુદ્ધિ તૂટ ગઈ હૈ. ઔર સ્વભાવકો જાનને—દેખનેવાલા મૈં હૂં, ઐસી સહજદશા હો ગઈ હૈ.

**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.**

## બાળ વિભાગ

# વિચિત્ર હોનહાર

રામ-લક્ષ્મણનો રાજ્યાભિષેક થયા બાદ રામે નાનાભાઈ શત્રુઘ્નને કહ્યું તમને પસંદ હોય તે દેશ લઈ લ્યો, ત્યારે શુત્રુઘ્ને મથુરાનું રાજ્ય માગ્યું. તે સમયે મથુરામાં મધુનું રાજ્ય હતું તેની પાસે ચમરેન્દ્રકૃત ત્રિશૂલરત્ન હતું. રામે શત્રુઘ્નને કહ્યું કે જ્યારે મધુ પાસે ત્રિશૂલ રત્ન ન હોય ત્યારે યુદ્ધ કરજો. મધુ જ્યારે ભોગવિલાસમાં નગરની બહાર હતો ત્યારે શત્રુઘ્ને મથુરા પર કબજો કરી લીધો. રાજા મધુનું શત્રુઘ્ન સાથે યુદ્ધ થયું તેમાં તેના પુત્રનું મૃત્યુ થયું અને પોતાને ત્રિશૂલરત્ન રહિત જાણી હાથી પર બેઠા બેઠા મુનિ થવાની ભાવના ભાવવા લાગ્યા અને સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થયા. મધુનું મૃત્યુ થવાથી ત્રિશૂલરત્ન ચમરેન્દ્ર પાસે પાછું આવી ગયું તેથી ચમરેન્દ્રે ક્રોધિત થઈ મથુરાની પ્રજા ઉપર ઉપસર્ગ કરવા લાગ્યા. નગરીમાં મરકી નામનો મહારોગ ફેલાવી દીધો જેથી લોકો મૃત્યુ પામવા લાગ્યા અને શત્રુઘ્ન દેવકૃત ઉપસર્ગ સમજી પરિવાર સહિત અયોધ્યા પાછા આવી ગયા. હવે આગળ..

જોકે અયોધ્યા ખૂબ જ રમણીય નગરી છે, તોપણ શત્રુઘ્નનું મન ત્યાં લાગ્યું નહિ, તેનું મન તો મથુરાપુરીમાં જ લાગેલું છે....જેમ સીતા વગર રામ ઉદાસ રહેતા હતા તેમ મથુરા વગર શત્રુઘ્ન પણ ઉદાસ રહેવા લાગ્યા. અહીં શાસ્ત્રકાર કહે છે કે—‘‘જીવોને ઈચ્છિત વસ્તુનો સંયોગ ક્ષણમાત્ર પૂરતો હોય છે..... અને તેનો વિયોગ તીવ્ર દાહ ઉત્પન્ન કરે છે.’’

શત્રુઘ્ને શા કારણથી મથુરાની માંગણી કરી? તેમને અયોધ્યાને બદલે મથુરા નિવાસ કેમ વિશેષ પ્રિય લાગતો હતો? સ્વર્ગના સમાન બીજી અન્ય રાજધાનીઓ હોવા છતાં તેની ઈચ્છા ન કરીને તેમણે મથુરાની જ ઈચ્છા કેમ કરી? મથુરા પ્રત્યે શત્રુઘ્નને આટલો પ્રેમ કેમ? તેના સ્પષ્ટીકરણમાં શાસ્ત્રકાર કહે છે કે—શત્રુઘ્નના જીવે પૂર્વકાળમાં ઘણા ભવ મથુરામાં (મધુપુરીમાં) વીતાવ્યા છે, માટે તેમને મથુરા પ્રત્યે અધિક સ્નેહ છે. શત્રુઘ્નનો જીવ સંસારમાં ભવભ્રમણ કરતા-કરતા એકવાર મથુરામાં યમનદેવ નામનો વ્યક્તિ થયો. મહાક્રૂર ધર્મથી વિમુખ પરિણામથી મરીને તેણે તિર્યંચગતિમાં અનેક ભવ ધારણ કર્યા અને પછી કુલંધર નામનો દુરાચારી બ્રાહ્મણ થયો, ત્યાંથી તપ કરીને સ્વર્ગમાં ગયો, ત્યાંથી ફરીને મથુરા નગરીમાં ચન્દ્રપ્રભા રાજાનો અચલ નામનો પુત્ર થયો.

એક વાર અચલકુમારને જંગલમાં કાંટો વાગ્યો અને તે અપકુમાર નામના પુરુષે કાઢી આપ્યો, માટે બંનેમાં મિત્રતા થઈ. જ્યારે અચલકુમારે અનેક દેશો સહિત મથુરાનું રાજ્ય પ્રાપ્ત કર્યું, ત્યારે તેણે પોતાના મિત્ર અપકુમારને તેની જન્મભૂમિ શ્રાવસ્તી નગરીનું

> સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
> તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. २२७.

રાજ્ય આપ્યું અને બંને મિત્ર પોતપોતાનું રાજ્ય કરવા લાગ્યા.

એક દિવસ બંને મિત્રોએ યશસમુદ્ર આચાર્ય પાસે સમ્યગ્દર્શનપૂર્વક મુનિદીક્ષા લીધી અને પરમસંયમની આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને ઉત્કૃષ્ટ દેવ થયા. ત્યાંથી ચ્યવીને અચલકુમારનો જીવ રાજા દશરથની સુપ્રભા રાણીનો પુત્ર શત્રુઘ્ન થયો અને તેનો મિત્ર અપકુમારનો જીવ કૃતાંકવક્ર સેનાપતિ થયો.—આ કારણે શત્રુઘ્નને મથુરા નગરી પ્રત્યે વિશેષ પ્રીતિ હતી.

આ બાજુ મથુરા નગરીમાં ચમરેન્દ્રકૃત મરકીનો ભયંકર ઉપદ્રવ ચાલી રહ્યો હતો તેવા સમયે આકાશગામી અને સૂર્યસમાન તેજસ્વી એવા ચારણ ઋદ્ધિધારી સાત ઋષિ-મુનિવર વિહાર કરતાં-કરતાં મથુરા નગરીમાં પધાર્યા. તેઓ શ્રી સુરમન્યુ, શ્રી મન્યુ, શ્રી નિચય, શ્રી સર્વસુંદર, શ્રી જયવાન, શ્રી વિનયલાલસ અને શ્રી સંજયમિત્ર નામના સાતેય મહામુનિવર મહાચારિત્રને ધારણ કરવાવાળા ને સગા ભાઈઓ હતા.

તેઓ શ્રી નંદન રાજા અને ધારિણી સુંદરી રાણીના પુત્ર હતા. પ્રીતંકર સ્વામીનું કેવળજ્ઞાન દેખીને તે સાતેય પુત્રો પિતા સાથે જ વૈરાગ્યને પ્રાપ્ત થયા અને એક મહિનાના તુંબરુ નામના પુત્રને રાજ્ય આપીને પિતા તથા સાતેય પુત્રોએ પ્રીતંકરસ્વામીની સમીપે દીક્ષા લઈ મુનિ થયા.

શ્રીનંદન રાજા તો કેવળી થયા અને આ સાતેય પુત્ર ચારણઋદ્ધિ આદિ અનેક ઋદ્ધિઓને ધારણ કરનાર શ્રુતકેવળી થયા. તે ગગનવિહારી સપ્તર્ષિ ભગવંત પૃથ્વીને પાવન કરતાં-કરતાં મથુરાપુરીમાં પધાર્યા અને ચાતુર્માસ માટે મથુરાના વનમાં એક વૃક્ષ નીચે બિરાજમાન થયા.



સપ્તર્ષિ મુનિ ભગવંતોનું પુનિત પગલા થતા જ તેમના તપના પ્રભાવથી ચમરેન્દ્ર દ્વારા કરાયેલો મરી નામનો ઘોર ઉપસર્ગ

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

એકદમ શાંત થઈ ગયો તથા સમસ્ત મથુરાનગરી સુખરૂપ થઈ ગઈ. જેમ સૂર્ય ઉદિત થતા અંધકાર નાશ પામે છે, તે જ પ્રમાણે સપ્તર્ષિ મુનિવરોંનું આગમન થતા તેમના પ્રતાપથી મરી રોગનો ઘોર ઉપદ્રવ દૂર થઈ ગયો તથા આખી નગરીમાં શાંતિ થઈ ગઈ. ફળ-ફૂલ ખીલી ઉઠ્યા અને વૃક્ષ-લતાઓ ખીલી ઉઠી, વગર વાવેલું અનાજ ઉગવા માંડ્યું, સમસ્ત રોગ રહિત મથુરાનગરી અતિ શોભાયમાન થવા લાગી અને નગરજનોએ મહા-આનંદપૂર્વક સાતેય મુનિવરોંના દર્શન-પૂજન કર્યા.

સપ્તર્ષિ મુનિવરોના આગમનનો આ આનંદમય પ્રસંગ આજે પણ મથુરા નગરીમાં જિનમંદિરમાં અંકિત છે. જેના દર્શન કરતા હૃદયમાં આનંદની ઉર્મિ જાગ્યા વિના રહેતી નથી. મથુરામાં ‘‘સપ્તર્ષિ ટીલા’’ નામનું એક સ્થાન પણ છે.

તે સપ્તર્ષિ મુનિ-ભગવંતોને અમારા નમસ્કાર હો.

## મથુરામાં ચાતુર્માસ અને અયોધ્યામાં આહાર

એક સમયની વાત છે કે શ્રી સુરમન્યુ આદિ સપ્ત ઋદ્ધિધારી મહા મુનિરાજ મથુરા નગરીના વનમાં ચાતુર્માસ હેતુ સ્થિત હતા. ચારણઋદ્ધિના પ્રભાવથી તે મહામુનિરાજોને ચાતુર્માસમાં ગમનસંબંધી દોષ લાગતો ન હતો; માટે તેઓ ક્યારેક કોઈ નગરમાં તો ક્યારેક અન્ય નગરમાં જાતા હતા અને ત્યાંના મંદિરોની વંદના કરી, આહારનો યોગ મળતા ત્યાં જ આહાર લેતા હતા. આકાશમાર્ગથી ક્ષણમાત્રમાં ક્યારેક પોદનપુર પહોંચીને આહાર લેતા તો ક્યારેક વિજયપુર જાતા, ક્યારેક ઉજ્જૈનમાં તો ક્યારેક સૌરાષ્ટ્ર પધારતા. (ચારણ ઋદ્ધિધારી મુનિવર આકાશમાં વિચરણ કરે છે અને ચાતુર્માસમાં પણ વિહાર કરે છે.) આ પ્રમાણે કોઈપણ નગરીમાં ઉત્તમ શ્રાવકને ત્યાં આહાર લેતા અને પાછા મથુરા નગરીમાં આવી જતા. તે ધીર-વીર મહાશાંત મુનિરાજ એકવાર આહારના સમયે અયોધ્યા નગરીમાં પધાર્યા અને અર્હદત્ત શેઠના ભવનની નિકટ પહોંચ્યા.

અચાનક તે મુનિવરોને જોઈને અર્હદત્ત શેઠે વિચાર કર્યો કે—‘‘અરે ! મુનિ તો ચાતુર્માસમાં વિહાર કરતા નથી અને આ મુનિ કેમ અહીં આવી પહોંચ્યા ? ચાતુર્માસના પહેલા તો આ મુનિ અહીં આવ્યા નથી. અયોધ્યાની આસ-પાસ વનમાં, ગુફાઓમાં, નદી કિનારે, વૃક્ષોની નીચે અથવા વનના ચૈત્યાલયોમાં જ્યાં-જ્યાં મુનિ ચાતુર્માસ કરી રહેલ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૨૯.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * સમ્યક્ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો આગામી ૯૧મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ દ્વારા ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ મહા સુદ-૧૫, તા. ૫-૨-૨૦૨૩, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો શ્રીમતી નયનાબેન અંજનભાઈ શાહ પરિવારના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે પરમાગમ મંદિરમાં લાવવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનબાદ પત્રિકાનું વાંચન દાદર મુમુક્ષુ મંડળ વતી શ્રી હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

તા. ૧૨-૨-૨૦૨૩ના રોજ દાદર (મુંબઈમાં) બહેનશ્રીની ૯૧મી સમ્યક્ત્વ મહોત્સવની પત્રિકા લેખનવિધિ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થઈ.

### * માનસ્તંભનો ૭૧મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

ચૈત્ર સુદ ૧૦ તા. ૩૧-૩-૨૦૨૩, શુક્રવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૭૧મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
### પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૯ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૯મા વર્ષનો મંગલ ઉત્સવ સ્ટાર ઑફ ઈન્ડિયાવાળા સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ સોમવાર તા. ૩–૪–૨૦૨૩ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દષ્ટિ નિરંતર રહી શકતા નથી એટલે તેને શાસ્ત્રાભ્યાસ વગેરેનો ભાવ આવે છે. નિર્વિકલ્પ અનુભવની અપેક્ષાએ તે શુભરાગને હેય કહ્યો છે. નિર્વિકલ્પ અનુભવમાં રહેવું તે તો ઉત્તમ જ છે. પણ છદ્મસ્થનો ઉપયોગ નીચેની દશામાં આત્મસ્વરૂપમાં લાંબોકાળ લાગતો નથી. માટે જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ જોડવી યોગ્ય છે. નિશ્ચયાભાસી તો તેનો સર્વથા નિષેધ કરે છે, પણ અરે ભાઈ ! તને બીજો રાગ તો આવે છે ! તો શાસ્ત્રાભ્યાસ વગેરેમાં પણ ઉપયોગ જોડવો તે યોગ્ય છે, તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર રાગની અપેક્ષાએ શાસ્ત્રાભ્યાસમાં જોડાવું યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કાંઈ તદ્દન વીતરાગતા થઈ જતી નથી. સમ્યગ્દર્શન પછી પણ રાગ તો આવે છે. જો નિર્વિકલ્પ આનંદમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થઈ જાય તો તે બરાબર છે, પણ જ્યારે નિર્વિકલ્પ આનંદમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય, પૂજા, દેવ-ગુરુની ભક્તિ વગેરે પ્રશસ્ત કાર્યો છોડીને વિકથા વગેરે નિંદનીક કામમાં જોડાય તો મહા અનર્થ થાય.

—પૂજ્ય ગુરુદેવશ્રી


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા

તા. ૧-૩-૨૦૨૩

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

## (૧૧૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના ત્રીજા અધિકારમાંથી મળશે.

(૧) શરીરને આત્મા માનવો તે .................... મિથ્યાત્વ છે.

(૨) સર્વજ્ઞ ભગવાન અપેક્ષિત ધર્મોને જાણે એ વાક્ય .............. છે.

(૩) પડછાયો અને પ્રતિબિંબ પુદ્‌ગલ દ્રવ્યના ............. ગુણની .............. પર્યાય છે.

(૪) મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ ................ કારણો છે.

(૫) મન, વચન, કાયના આલંબનથી આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તેને ................... કહે છે.

(૬) દૂધમાં છાશ પડવાથી દહીં થાય તે માન્યતા ............... છે.

(૭) સ્ત્રીનું શરીર હોવા છતાં તેને મુનિદશા અને મોક્ષ માનવો તે ................ મિથ્યાત્વ છે.

(૮) બ્રાહ્મીતેલના વપરાશથી કે બદામ વગેરે ખાવાથી બુદ્ધિ વધે તે માન્યતા ............ છે.

(૯) યોગના .............. ભેદ છે.

(૧૦) વસ્ત્ર, પાત્રાદિ સહિતને નિર્ગ્રંથ ગુરુ માનવા તે ................ મિથ્યાત્વ છે.

(૧૧) દુઃખ તે જીવદ્રવ્યના ................ ગુણની આકુળતારૂપ ................ પર્યાય છે.

(૧૨) ચૌદમા ગુણસ્થાન સુધી સર્વ સંસારી જીવોને ................ પર્યાય હોય છે.

(૧૩) સાદિ અનંત સ્વભાવ વ્યંજન પર્યાય અને સાદિ અનંત સ્વભાવ અર્થ પર્યાય ................ ભગવાનને હોય છે.

(૧૪) માટીમાંથી ઘડો ................. ગુણને કારણે થયો છે.

(૧૫) હું પુસ્તક વડે વાંચું છું અને તે વડે મને જ્ઞાન થાય છે તે માન્યતા .............. છે.

(૧૬) પુણ્યથી અર્થાત્ શુભરાગથી તથા નિમિત્તથી ધર્મ માનવો તે ............... મિથ્યાત્વ છે.

(૧૭) તેરમા ગુણસ્થાનવર્તી શ્રી અર્હંતદેવની જે ઉપદેશાત્મક ભાષાવર્ગણા નિકળે છે તેને ................. કહે છે.

(૧૮) કેવળજ્ઞાન તે જીવદ્રવ્યના ............... ગુણની પરિપૂર્ણ ............... પર્યાય છે.

(૧૯) ક્ષેત્રની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાય ..................... હોય છે.

(૨૦) અર્હંત ભગવાન, સિદ્ધ ભગવાન અને અવ્રતિ સમ્યગ્દષ્ટિનું સમ્યક્‌દર્શન ............. હોય છે.

# (૧૧૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) ............... ................ .................. તે દુઃખનું કારણ છે.

(૨) .............. જીવ બધે દુઃખી છે.

(૩) ................... એ મહા દુઃખ દેનાર શત્રુ છે.

(૪) જ્યાં ................... છે ત્યાં જ સુખ છે.

(૫) જીવના ................ ભાવ અનુસાર કર્મ બંધાય છે.

(૬) સંસારમાં રખડતા જીવે ...................... ન જાણ્યું.

(૭) સંસારનો ઝાઝો કાળ જીવે ................. મહાદુઃખમાં ગાળ્યો.

(૮) ..................... ભાવો તે આસ્રવ છે.

(૯) જીવ ........... છે શરીર ............. છે.

(૧૦) સુખ દુઃખ .................. માં છે .................... માં સુખ દુઃખ નથી.

(૧૧) આત્મા ................ થી ભરેલો ભગવાન છે.

(૧૨) ............... ................. ................... વડે સંવર થાય છે.

(૧૩) અગૃહિત મિથ્યાત્વ એટલે ............... ના સાચા સ્વરૂપને ભૂલીને ............. માન્યું તે છે.

(૧૪) ગૃહિત મિથ્યાત્વ એટલે ........... ............... ............નું સેવન કરવું.

(૧૫) જીવે ................ ન છોડ્યું અને ............ ન કર્યું તેથી સંસાર ભ્રમણ ન ટળ્યું.

(૧૬) .................. તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે.

(૧૭) શુદ્ધદૃષ્ટિથી .................... જ ઉપાદેય છે.

(૧૮) સાત તત્ત્વોમાં .............. .................. શત્રુ જેવા અને ............. .............. .................... મિત્ર જેવા છે.

(૧૯) ................ થી ભિન્નતા જાણીને ............... માં ઠરે તો મોક્ષમાર્ગની શરૂઆત થાય.

(૨૦) હું ................ સ્વરૂપ જીવ છું એમ જીવે અનુભવ કરવો જોઈએ.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ફેબ્રુઆરી-૨૦૨૩ના ઉત્તરો

(૧) ૧૫
(૨) અશુદ્ધ પરિણતિને
(૩) પુદ્‌ગલ–સ્કંધરૂપ
(૪) ઔદારિક, વૈક્રયિક, આહારક, તૈજસ, કાર્મણ
(૫) બંધ
(૬) ૨૨
(૭) ઔદારિક
(૮) ભવ્યત્વ
(૯) ૨–સ્વભાવ અર્થપર્યાય વિભાવ અર્થપર્યાય
(૧૦) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા
(૧૧) વિભાવ અર્થ
(૧૨) સ્વભાવ અર્થપર્યાય અને સ્વભાવ વ્યંજન
(૧૩) અનાદિ અનંત
(૧૪) ધારણાજ્ઞાન
(૧૫) તૈજસ અને કાર્માણ
(૧૬) અર્થ
(૧૭) વૈક્રિયિક, તૈજસ, કાર્માણ
(૧૮) સ્વરૂપાચરણ, દેશ, સકલ, યથાખ્યાત
(૧૯) કાર્માણ
(૨૦) સાદિ સાંત

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૩ના ઉત્તર

(૧) તીર્થંકરની દિવ્યધ્વનિ પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ તથા શુદ્ધાત્મા
(૨) અનંતા
(૩) અનંત
(૪) મનુષ્ય
(૫) ૮, આઠ
(૬) સુખી દુઃખી
(૭) મોહ
(૮) સ્વભાવ
(૯) અંતર્મુહૂર્ત
(૧૦) અજ્ઞાની
(૧૧) નરક, વિંછી
(૧૨) પુણ્ય પાપ
(૧૩) સાદિ અનંત
(૧૪) મિથ્યાદ્રષ્ટિને ન
(૧૫) પંચેન્દ્રિય
(૧૬) સ્વભાવ પરિણતિ, વિભાવ દુઃખ
(૧૭) મનુષ્ય, તિર્યંચ
(૧૮) સમ્યક્‌દર્શન
(૧૯) જ્યોતિષી
(૨૦) સમ્યક્‌દ્રષ્ટિ

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)**

**ગુરુભક્તિ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૪મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૪મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ) દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૪મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૭-૪-૨૦૨૩, સોમવારથી તા. ૨૧-૪-૨૦૨૩, શુક્રવાર—પાંચ દિવસીય 'શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૬-૦૩-૨૦૨૩, ગુરુવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ દાદરમાં તા. ૨૬-૦૩-૨૦૨૩, રવિવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)ના

જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—અંતર્‌દૃષ્ટિ કરવામાં કળનું કામ છે બળનું ?

ઉત્તર :—અંતર્‌દૃષ્ટિ કરવામાં પુરુષાર્થનું કામ છે, સ્વ-સન્મુખના પુરુષાર્થથી થાય છે. ૫૫૫.

● શક્તિઓનું વર્ણન કરવાનો હેતુ એ છે કે, બહારમાં તારા જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ નથી. અંદરમાં તારી શક્તિઓનાં નિધાન ભર્યા પડ્યા છે. ત્યાં દૃષ્ટિ કર અને બહારથી દૃષ્ટિ ઉઠાવી લે ! અંદરમાં જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, વીર્ય, પ્રભુતા આદિ શક્તિથી જીવવું એ ધર્મીજીવનું જીવન છે. બહારના દેહાદિથી જીવવું એ ધર્મીજીવનું જીવન નથી. અંદરમાં અનંત શક્તિઓનો ભંડાર ભગવાન સહજાનંદની મૂર્તિ પડ્યો છે. એની દૃષ્ટિ-વિશ્વાસે જીવવું એ ખરું જીવન છે. ૫૫૬.

● પ્રશ્ન :—શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે ?

ઉત્તર :—મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડ્યા પણ એ સમ્યક્‌-દર્શનનું કારણ નથી. મૂળ દર્શનશુદ્ધિ ઉપર જોર હોવું જોઈએ. ૫૫૭.

● ભાઈ ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે. તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે અને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્‌ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ. ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણમાંથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૫૫૮.

● ભાઈ ! તું પંચમકાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એવી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો ! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો. જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે આ બધા જીવો તો સંસારી છે ? ભાઈ ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે. સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૫૫૯.

૩૬

આત્મધર્મ
માર્ચ-૨૦૨૩
અંક-૭ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-3-2023
Posted on 1-3-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org